# સંજય અને ફૂટબોલ



સંજય તેનાં માતા-પિતા અને ભાઈ-બહેન સાથે હેરોમાં રહે છે.

સંજય ભણવામાં ખૂબ હોશિયાર છે. તેને ફૂટબોલ રમવાનું પણ બહુ ગમે છે.

રોજ ઘેર આવી નિશાળનું ઘરકામ પતાવી, તેના ભાઈ સમીર અને મિત્રો સાથે ફૂટબોલ રમે. તેની બહેન શીના પણ કોઈવાર તેમની સાથે રમે.



રવિવારે નિશાળમાં રજા હોય એટલે સવારથી તેના મિત્રો સાથે ફૂટબોલ રમવા જાય અને છેક સાંજે ઘેર આવે.

ગયા ઉનાળાની રજામાં અજયકાકા તેના ઘેર આવેલા. રોજ સંજયને ફૂટબોલ રમતો જોઈ, એક દિવસ તેમણે પૂછ્યું,



‘‘સંજય બેટા, તું મોટો થઈશ ત્યારે પણ રોજ ફૂટબોલ રમીશ?’ ’

સંજયે કહ્યું,

‘હા કાકા. મારે તો ડેવિડ બેકહમની જેમ કોઈ સારી ટીમમાં ફૂટબોલ રમવું છે. હું નિશાળની ટીમમાં પણ રમું છું.’

કાકા રાજી થઈ બોલ્યા,

‘અરે વાહ! સંજય, તું તો બહુ હોશિયાર છે! ભણવામાં અને ફૂટબોલ રમવામાં પણ!’

સંજય ખુશ થઈ ફૂટબોલ રમવા દોડી ગયો.



Vijyaben Bhanderi